# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૭૧ તા.૮-૯-૧૫

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

**વિષય :- ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫ મી જન્મ જયંતિ પ્રસંગ અન્વયે નિબંધ સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધા યોજવા બાબત**

**સંદર્ભ :- (૧) જી.સી.ઈ.આર.ટી./સ્પર્ધા/૨૦૧૫/૧૭૩૪૩-૪૪૬ તા.૨-૯-૧૫**
**(૨) સ્કૂલ બોર્ડ પરિપત્ર નં.૩/તા.૮-૪-૧૫**
**(૩) સ્કૂલ બોર્ડ પરિપત્ર નં.૭/તા.૧૦-૪-૧૫**
**(૪) સ્કૂલ બોર્ડ પરિપત્ર નં.૩૮/તા.૬-૭-૧૫**

આથી તમામ મ્યુનિ.શાળાઓને ઉપરોક્ત વિષય સંદર્ભે જણાવવાનું કે ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫ મી જન્મ જયંતિ પ્રસંગે શાળા કક્ષાથી શરૂ કરી રાજયકક્ષા સુધી નિબંધ સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.

આ સ્પર્ધામાં રાજયમાં આવેલ તમામ સરકારી, ગ્રાન્ટ-ઈન-એઈડ અને સ્વનિર્ભર ઉચ્ચ પ્રાથમિક , માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં આ સ્પર્ધાઓનું આયોજન થશે.

**સ્પર્ધાનો હેતુ :**

(અ) વિદ્યાર્થીઓ ડૉ. બાબાસાહેબ આંબેડકરના સમાજ નવનિર્માણ માટેના પ્રયત્નોથી પરિચિત થાય.

(બ) વિદ્યાર્થીઓ ડૉ. બાબાસાહેબ આંબેડકરનું ભારતના બંધારણમાં પ્રદાન સમજે.

**ઉચ્ચ પ્રાથમિક(ધોરણ ૬ થી ૮)ના વિદ્યાર્થીઓ માટે નિબંધ સ્પર્ધાના વિષયો**

(૧) ડૉ. બાબાસાહેબ આંબેડકરના વિદ્યાર્થી જીવનના પ્રેરક પ્રસંગો

(૨) ડૉ. બાબાસાહેબ આંબેડકરનો વાંચન શોખ

(૩) ડૉ. બાબાસાહેબ આંબેડકરના અભ્યાસમાં તેમના પિતાશ્રીનો ફાળો

(૪) ડૉ. બાબાસાહેબ આંબેડકરના અભ્યાસમાં તેમના શિક્ષકોનો ફાળો

(૫) ડૉ. બાબાસાહેબ આંબેડકરે મહિલા કલ્યાણ માટે કરેલા કાર્યો

**નિબંધ સ્પર્ધાના નિયમો**

(એ) બાળકો યોગ્ય રીતે નિબંધ લખી શકે તેમજ વિજેતા નિબંધ ક્રમિક સ્પર્ધામાં આગળ વધવાનો હોઈ દરેક તબક્કે એ-૪ સાઈઝના કાગળનો ઉપયોગ કરવાનો રહેશે.

(બી) નિબંધ ઓછામાં ઓછા ૧૫૦ થી ૨૦૦ શબ્દોમાં હોવો જોઈએ.નિબંધ માટેની સમય અવધિ ૩૦ મિનીટની રહેશે.

(સી) શાળા કક્ષાની સ્પર્ધા :- સર્વ પ્રથમ શાળા કક્ષાએ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે. શાળા કક્ષાની સ્પર્ધામાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના નિબંધને પસંદ કરવાના રહેશે. પ્રથમ વિજેતાનો નિબંધ ક્લસ્ટર કક્ષાએ મોકલવાનો રહેશે.

(ડી) કલસ્ટર કક્ષાની સ્પર્ધા : શાળાઓમાંથી આવેલ પ્રથમ ક્રમના નિબંધો પૈકી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના નિબંધને પસંદ કરવાના રહેશે. તે પૈકી પ્રથમ ક્રમનો નિબંધ ઝોન કક્ષાએ મોકલવાનો રહેશે.

(ઈ) ઝોન કક્ષાની સ્પર્ધા :- કલસ્ટર કક્ષામાંથી આવેલ પ્રથમ ક્રમના નિબંધો પૈકી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના નિબંધોને પસંદ કરવાના રહેશે . તે પૈકી પ્રથમ ક્રમના નિબંધને જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે પસંદ કરવાના રહેશે.

(એફ) જિલ્લા કક્ષાની સ્પર્ધા :- ઝોન કક્ષામાંથી આવેલ પ્રથમ ક્રમના નિબંધ પૈકી પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમના નિબંધને પસંદ કરવાના રહેશે, તે પૈકી પ્રથમ પસંદગી પામેલ નિબંધને રાજયકક્ષાએ મોકલવાનો રહેશે.

(જી) રાજયકક્ષાની સ્પર્ધા : જિલ્લા કક્ષામાંથી આવેલ પ્રથમ ક્રમના નિબંધો પૈકી રાજયકક્ષાએ પ્રથમ ત્રણ વિજેતાની પસંદગી કરવામાં આવશે.

**ઉચ્ચ પ્રાથમિક(ધોરણ ૬ થી ૮)ના વિદ્યાર્થીઓ માટે વક્તૃત્વ સ્પર્ધાના વિષયો**

(૧) ડૉ. બાબાસાહેબ આંબેડકરનું સાદગીભર્યું જીવન.

(૨) ડૉ. બાબાસાહેબ આંબેડકરે પ્રકાશિત કરેલા વિવિધ સામયિકો

(૩) રાષ્ટ્રભક્ત ડૉ. બાબાસાહેબ આંબેડકર

(૪) સામાજિક સમરસતાનાં હિમાયતી ડૉ. બાબાસાહેબ આંબેડકર

(૫) ડૉ. બાબાસાહેબ આંબેડકરના શૈક્ષણિક વિચારો.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**વકતૃત્વ સ્પર્ધાના નિયમો :-**

(એ) વકતૃત્વ ઓછામાં ઓછા ૨૦૦ શબ્દોમાં આપવાનું રહેશે. વકતૃત્વ માટેની સમય અવધિ ૫ મિનીટની રહેશે.

(બી) શાળા કક્ષાની સ્પર્ધા :- સર્વ પ્રથમ શાળા કક્ષાએ શીઘ્ર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે. શાળા કક્ષાની સ્પર્ધામાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાની પસંદ કરવાના રહેશે. પ્રથમ વિજેતા વિદ્યાર્થીને ક્લસ્ટર કક્ષાએ મોકલવાનો રહેશે.

(સી) કલસ્ટર કક્ષાની સ્પર્ધા : શાળાઓમાંથી આવેલ પ્રથમ ક્રમના વિજેતા વિદ્યાર્થીઓ વચ્ચે શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવશે. જેમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના વિજેતા વિદ્યાર્થીઓને કલસ્ટરકક્ષાની સ્પર્ધામાં પસંદ કરવાના રહેશે. તે પૈકી પ્રથમ ક્રમના વિદ્યાર્થીને ઝોન કક્ષાએ મોકલવાનો રહેશે.

(ડી) ઝોન કક્ષાની સ્પર્ધા :-કલસ્ટર કક્ષામાંથી આવેલ પ્રથમ ક્રમના વિજેતા વિદ્યાર્થીઓ વચ્ચે શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવશે. તેમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના વિદ્યાર્થીઓને પસંદ કરવાના રહેશે. તે પૈકી પ્રથમ ક્રમે આવેલ વિદ્યાર્થી જિલ્લા કક્ષાએ ભાગ લેશે.

(ઈ) જિલ્લા કક્ષાની સ્પર્ધા :- જિલ્લા કક્ષાએ ઝોન કક્ષાના પ્રથમ ક્રમના વિદ્યાર્થીઓ વચ્ચે શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવશે. જેમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના વિદ્યાર્થીઓને પસંદ કરવાના રહેશે. તે પૈકી પ્રથમ ક્રમે આવેલ વિદ્યાર્થી રાજ્યકક્ષાએ ભાગ લેશે.

(એફ) રાજ્યકક્ષાની સ્પર્ધા : રાજ્યકક્ષાએ જિલ્લા કક્ષાના પ્રથમ ક્રમના વિજેતા વિદ્યાર્થી વચ્ચે શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવશે. તેમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના વિદ્યાર્થીઓને પસંદ કરવાના રહેશે.

**નિબંધ તેમજ વકતૃત્વ સ્પર્ધાનું સમયપત્રક / સંકલનકર્તા**

| કક્ષા | સમયગાળો | સંકલનકર્તા |
|---|---|---|
| શાળા | ૧૦ થી ૧૪ સપ્ટેમ્બર-૨૦૧૫ | શાળાના મુખ્ય શિક્ષક |
| સીઆરસી | ૧૬ થી ૧૯ સપ્ટેમ્બર-૨૦૧૫ | સી.આર.સી.કો.ઓર્ડિનેટર |
| ઝોન | ૨૧ થી ૨૬ સપ્ટેમ્બર-૨૦૧૫ | યુ.આર.સી. કો.ઓર્ડિનેટર |
| જિલ્લા | ૨૮ થી ૩૦ સપ્ટેમ્બર-૨૦૧૫ | ડાયટ પ્રાચાર્ય, ડી.પી.ઈ.ઓ./ડી.ઈ.ઓ./શાસનાધિકારી |
| રાજ્ય | હવે પછી જાહેર કરવામાં આવશે. | જી.સી.ઈ.આર.ટી. |

નિબંધ તેમજ વકતૃત્વ સ્પર્ધા માટે પ્રત્યેક તબક્કે મૂલ્યાંકન સમિતિની રચના કરવાની રહેશે.મૂલ્યાંકન સમિતિના સભ્યોની પસંદગી માટે નીચે મુજબની બાબતો ધ્યાને લેવાની રહેશે.

| કક્ષા | મૂલ્યાંકન સમિતિના સભ્યો બાબત |
|---|---|
| શાળા | શાળાના મુખ્ય શિક્ષક નક્કી કરશે<br>ભાષા શિક્ષક, નિવૃત્ત શિક્ષક, ભાષાવિદ, સાહિત્યકારનો સમાવેશ કરવાનો રહેશે. |
| સીઆરસી | સી.આર.સી.કો.ઓર્ડિનેટર નક્કી કરશે<br>ભાષા શિક્ષક, નિવૃત્ત શિક્ષક, ભાષાવિદ, સાહિત્યકારનો સમાવેશ કરવાનો રહેશે. |
| ઝોન | મદદનીશ શાસનાધિકારી અને યુ.આર.સી.કો.ઓર્ડિનેટર સાથે મળી નક્કી કરશે.<br>ભાષા શિક્ષક, નિવૃત્ત શિક્ષક, ભાષાવિદ, સાહિત્યકારનો સમાવેશ કરવાનો રહેશે. |
| જિલ્લા | ડાયટ પ્રાચાર્ય, ડી.પી.ઈ.ઓ.,ડી.ઈ.ઓ.,જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી,શાસનાધિકારી<br>સાથે રહી કામગીરી કરશે.<br>જિલ્લાના અગ્રગણ્ય ભાષાવિદ, સાહિત્યકાર,લેખક તેમજ ડાયટના ભાષાના વ્યાખ્યાતાનો કમિટીમાં સમાવેશ કરવાનો રહેશે. |

તા. ૮ -૯-૧૫

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી